For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વિસ્ફોટ એટલો ભયાનક હતો કે 25 લોકોને ઈજા પહોંચી

# સાયખાની કંપનીમાં વિસ્ફોટમાં 3નાં મોત



**મધરાત્રે** બોઇલરમાં બ્લાસ્ટ થતાં સમગ્ર વિસ્તાર ધણધણી ઊઠ્યો

**આજુબાજુની** કંપનીઓને પણ નુકસાન, ઘાયલોને હોસ્પિટલ ખસેડાયા

ભરૂચ: વાગરાના સાયખા GIDCમાં મોડી રાત્રે બનેલી બોઈલર બ્લાસ્ટની દુર્ઘટનામાં ત્રણ વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં. તેમજ 24 જેટલા કર્મચારી ઈજાગ્રસ્ત થતાં તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સાયખા GIDCમાં આવેલી વિશાલ ફાર્મા નામની કંપનીમાં મોડી રાત્રે લગભગ 2.30 વાગ્યાની આસપાસ કંપનીનું બોઈલર ફાટતાં સર્જાયેલા ...અનુસંધાન પાના 9 પર

### ટોલ્વીનની કામગીરી દરમિયાન બ્લાસ્ટ થયો: સેફ્ટી એન્ડ હેલ્થ અધિકારી



ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થના અધિકારી દિનેશ ગામીતે કહ્યું કે, કંપનીમાં રાત્રિના ટોલ્વીનની કામગીરી ચાલી રહી હતી, તે સમયે રાત્રિ બ્લાસ્ટ થયો હતો, જેમાં ત્રણ ટન જેટલું ટોલ્વીન હતું. અમે ઘટના બન્યા બાદ રાત્રિના જ ઘટના સ્થળે પહોંચી હાલમાં તપાસ કરી રહ્યા છે.

### ‘તંત્ર કોઇ કાર્યવાહી ન કરે તો અમે ઉગ્ર આંદોલન કરીશું: સરપંચ જયવીરસિંહ

સાયખા ગામના સરપંચ જયવીરસિંહ રાજે વહીવટી તંત્ર અને GPCB પર ગંભીર આક્ષેપો સાથે જણાવ્યું હતું કે, આ જોખમી કંપની કોઈપણ જાતની મંજૂરી વગર જ ધમધમી રહી હતી. તેમ ...અનુસંધાન પાના 9 પર

# RFO પર પતિએજ મિત્ર મારફતે ફાયરિંગ કરાયું, બંનેની ધરપકડ

**RFOની** કારમાં GPS લગાવવાના ગુનામાં RTO પતિ કોર્ટમાં સરન્ડર થવા આવ્યો પણ કોર્ટ ઈન્કાર કરતા પોલીસે ધરપકડ કરી

કામરેજ: વાવ નજીક કારમાં બાળકને સ્કૂલે મૂકવા જતી મહિલા ફોરેસ્ટ ઓફિસર પર ફાયરિંગની ઘટનામાં ફોરેસ્ટ ઓફિસરના પતિ આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટરે કઠોર કોર્ટમાં કારમાં ફિટ કરેલા જીપીએસના ગુનામાં હાજર થવા માટે અરજી કરી હતી.

ગત ગુરુવારે કામરેજના જોખા ગામે માહ્યાવંશી ફળિયામાં રહેતા અને સુરત અડાજણ ખાતે વન વિભાગમાં મહિલા ફોરેસ્ટ ...અનુસંધાન પાના 9 પર



(તસવીર : વિશાલ પટેલ)

### મિત્ર ઈશ્વરગીરી ગોસ્વામી સચીનમાં આઈસક્રીમની દુકાન ચલાવે છે

વાવ નજીક મહિલા ફોરેસ્ટ ઓફિસર પર ફાયરિંગની ઘટનામાં નિકુંજ ગોસ્વામી પર પ્રેશર વધતાં આખરે કોર્ટનું શરણું લઈ હાજર થવા ગયો ને પકડાઈ ગયો હતો. ઈશ્વરગીરી ગોસ્વામી પોતે સચિન વિસ્તારમાં પિતા સાથે આઈસક્રીમની દુકાન ચલાવે છે. ગુનામાં વપરાયેલું હથિયાર પણ કબજે કરવાનું હોઈ અને કોઈ બીજા આરોપી સંડોવાયેલા છે કે કેમ એ અંગે પણ પોલીસ તપાસ કરશે.

### દિલ્હીના કાર બ્લાસ્ટ બાદ સુરત પોલીસના હાઈ એલર્ટ વચ્ચે

# બિનવારસી સુટકેસ મળતાં પાલનપુર પાટિયા પર ગભરાટ

**ગણેશ** મંદિર પાસે રાત્રે 1 વાગ્યે કચરો વીણવા વાળો વ્યક્તિ મૂકી જતો હોવાનું સીસીટીવીમાં કેદ

**પોલીસે** સમગ્ર વિસ્તાર કોર્ડન કરી દુકાનો બંધ કરાવી, પણ બેગમાંથી કંઇ શંકાસ્પદ નહીં મળ્યું

સુરત: દેશની રાજધાની દિલ્હીમાં તાજેતરમાં થયેલા કાર બ્લાસ્ટ બાદ સુરતમાં જાહેર કરાયેલા હાઇએલર્ટ વચ્ચે વચ્ચે પાલનપુર પાટિયા ખાતે ગણેશ મંદિર સામે બિનવારસી હાલતમાં ...અનુસંધાન પાના 9 પર



(તસવીર : સતીષ જાદવ)

### સૂટકેસમાંથી સ્વસ્તિકનું નિશાન અને વકીલનું વિઝિટિંગ કાર્ડ મળ્યું

રાંદેર વિસ્તારમાં મળેલા શંકાસ્પદ સુટકેસ અંગે રાંદેર પોલીસ ઇન્સ્પેક્ટર આર.જે. ચૌધરીએ જણાવ્યું કે, બેગની અંદર લાલ કુમકુમથી સ્વસ્તિકનું ધાર્મિક નિશાન દોરાયેલું મળ્યું હતું. તેમજ વકીલનો વિઝીટીગ કાર્ડ પણ મળી આવ્યો હતો.આ નિશાનને પગલે પોલીસે શંકા વ્યક્ત કરી છે કે, બેગ ધાર્મિક આશયથી રાખવામાં આવી હતી કે પછી ટીખળખોરીના હેતુથી મૂકી દેવામાં આવી હતી. હાલ સુટકેસ કોણે અને શા માટે મૂકી તે અંગે પોલીસ તંત્ર તપાસ ચલાવી રહ્યું છે.

### ઊંધિયુ તો બનતા બનશે પાપડીનો ભાવ 350 રૂપિયા પ્રતિકિલો



■ શિયાળો જામી રહ્યો છે ત્યારે સુરતીઓ હવે તેમનું પ્રિય ઊંધિયું ખાવા માટે તલપાપડ છે પરંતુ પાપડી ‘જરા રુક જાઓ’ તેવો સંદેશ આપી રહી છે. અત્યાર સુધી 100 રૂપિયે કિલો મળતી પાપડીનો ભાવ 350 પ્રતિ કિલો થઇ ગયો છે. (તસવીર : હેમંત ડેરે)

# પાર્ટી ફંડના નામે કરોડોનું કરચોરી કૌભાંડ

**ગાંધીનગર** સહિત રાજ્યમાં 24 સ્થાન પર આયકરના દરોડા

ગાંધીનગર : ગુજરાતમાં જુદી જુદી રાજકીય પાર્ટીઓને 4300 કરોડનું રાજકીય ફંડ મળ્યુ છે, તેવો એસોસિએશન ઓફ ડેમો. રિફોમ્સ (એડીઆર ) દ્વારા તાજેતરમાં એક રિપોર્ટ જાહેર કરાયો હતો. આ ફંડ કોણે આપ્યું તેની રાજયભરમાં ચર્ચા ચાલી રહી છે. જેના પગલે આજે આયકર વિભાગ દ્વારા ગાંધીનગર સહિત રાજયના જુદા જુદા 24 સ્થાનો પર દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ગાંધીનગરમાં ભારતીય નેશનલ જનતા દળના સંજય વિઠ્ઠલભાઈ ગજેરા સામે દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. જેમાં આયકર વિભાગના અધિકારીઓને રાજકીય દાનના વાંધાજનક દસ્તાવોજો મળી આવ્યા છે. આયકર વિભાગ દ્વારા સંજય ગજેરાના કિસાનનગરના નિવાસસ્થાન , સેકટર-11માં આવેલી ઓફિસ તેમના ડ્રાઈવરના નિવાસસ્થાને પણ દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

આયકરના સુત્રોએ કહ્યું હતું કે, અમદાવાદ ઉપરાંત, સુરત, વડોદરા, રાજકોટ, સહિતનાં શહેરોમાં દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. આ દરોડા દરમ્યાન કરોડોના નાણાકીય વ્યવહારો તથા ટેકસ ચોરીનો ખુલાસો થઈ શકે છે. ચેકથી દાનનાં નામે મોટી રકમ મેળવ્યા બાદ કમિશન કાપીને રોકડ પરત કરીને ટેકસ ચોરીની આ મોડસ ઓપરેન્ડી છે. રાજકીય દાન મેળવીને કરચોરી કરવાનો મોટુ કૌભાંડ ચાલી રહયુ છે. હવે રાજયની કેટલીક નકલી પાર્ટીઓ પણ આયકરના રડારમાં આવી જવા પામી છે. એડીઆરના રિપોર્ટમાં જણાવ્યા અનુસાર 2019-20થી 2023-24 દરમિયાન આ 5 પક્ષોની કુલ આવક 2316 કરોડ છે.જે પૈકી ભારતીય નેશનલ જનતા દળ ...અનુસંધાન પાના 9 પર

# સુરતમાં ઠંડીનું જોર વધ્યું, લઘુત્તમ તાપમાન 16.6 ડિગ્રી નોંધાયું

**આગામી** દિવસોમાં ઠંડી હજી વધુ તીવ્ર બનવાની શક્યતા

**મહત્તમ** તાપમાનમાં પણ એક ડિગ્રીનો ઘટાડો

### દક્ષિણ ગુજરાતનું તાપમાન

| શહેર | લઘુત્તમ |
|---|---|
| વલસાડ | 16 |
| નર્મદા | 16 |
| ભરૂચ | 17 |
| નવસારી | 17.5 |
| ડાંગ | 18 |
| તાપી | 19 |

સુરત: સુરત શહેરમાં હવે શિયાળાની ઠંડી ધીમે ધીમે પગપેસારો કરી ચૂકી છે. વહેલી સવારથી લઈને સાંજ સુધી હવામાં ઠંડકનો અહેસાસ વધી રહ્યો છે. શહેરમાં ગઈકાલે તાપમાનમાં બે ડિગ્રીનો વધારો નોંધાયો હતો, પરંતુ આજે ફરી લઘુત્તમ તાપમાન બે ડિગ્રી ઘટી 16.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. સાથે જ મહત્તમ તાપમાનમાં પણ એક ડિગ્રીનો ઘટાડો થઈ 31.3 ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, શહેરમાં હવામાં 45 ટકાનો ભેજ નોંધાયો હતો, જ્યારે ઉત્તર પશ્ચિમ દિશામાંથી 4 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. આ પવનની ઠંડકથી શહેરમાં વહેલી સવારે અને સાંજે લોકોમાં ઠંડીનો અહેસાસ વધુ સ્પષ્ટ બન્યો છે. સામાન્ય રીતે નવેમ્બર મહિનાના મધ્ય ભાગ પછી ઠંડીનું જોર વધવાનું શરૂ થાય છે. હાલના હવામાનના માહોલને જોતા લાગે છે કે આગામી દિવસોમાં ઠંડી હજી વધુ તીવ્ર બનવાની શક્યતા છે. શહેરના બગીચા, દરિયાકિનારા અને નદીકાંઠા વિસ્તારોમાં વહેલી સવારે ચાલવા જતાં લોકોને ઠંડી હવા સ્પષ્ટ અનુભવાઈ રહી છે. હવામાન નિષ્ણાતોનું માનવું છે કે ઉત્તર ભારત તરફથી આવતી ઠંડી પવનની અસર આગામી અઠવાડિયામાં દક્ષિણ ગુજરાતમાં વધુ સ્પષ્ટ દેખાશે. આથી સુરતમાં તાપમાનમાં હજી ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# ‘ઓપરેશન શુદ્ધિ’: SOGનું ભેળસેળિયા સામે અભિયાન

**કેટરર્સ** અને ફૂડ મેન્યુફેક્ચરર્સની યાદી તૈયાર

**સુધરી** જાઓ નહીં તો જેલમાં જાવ : DCP નકુમ

સુરત:લગ્નસરાની મોસમમાં સુરત પોલીસ હવે ખોરાકમાં ભેળસેળ કરનારા માફિયાઓ સામે ‘ઓપરેશન શુદ્ધિ’ નામનું ખાસ અભિયાન શરૂ કરી રહી છે. નકલી ઘી અને પનીરનાં કૌભાંડ બાદ SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) દ્વારા કેટરર્સ, રેસ્ટોરન્ટ્સ અને ખાદ્ય પદાર્થ બનાવનારાઓની યાદી તૈયાર કરવામાં આવી છે. આગામી દિવસોમાં શહેરના લગ્ન સમારંભો અને ભોજન પ્રસંગોમાં અચાનક રેડ કરીને ફૂડ સેમ્પલ લેવાશે. જો નકલી કે ભેળસેળયુક્ત પદાર્થો મળી આવશે તો પોલીસ કડક પગલા લેવા તૈયાર છે.

સુરતમાં છેલ્લા કેટલાક અઠવાડિયાથી નકલી ખાદ્ય પદાર્થોના રેકેટનો પર્દાફાશ થતો રહ્યો છે ક્યારે નકલી ઘી, તો ક્યારે નકલી પનીર. હવે આ માફિયા માટે પોલીસની સહનશીલતા સમાપ્ત થઈ ગઈ છે. સુરત SOGના ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ રાજદીપસિંહ નકુમે જાહેરાત કરી છે કે આવનારા દિવસોમાં ‘ઓપરેશન શુદ્ધિ’ અંતર્ગત સમગ્ર શહેરમાં વિશાળ સ્તરે તપાસ હાથ ધરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત, શહેરના તમામ કેટરર્સ અને ફૂડ મેન્યુફેક્ચરર્સની યાદી તૈયાર ...અનુસંધાન પાના 9 પર

### પોલીસ સીધી પ્રસંગમાં પહોંચશે

SOGના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ રાજદીપસિંહ નકુમે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ‘શહેરમાં નકલી ખાદ્ય પદાર્થ બનાવનારા કે વેચનારા સામે કોઈ દયા નહીં રાખવામાં આવે.અમે હવે ચકાસણી માટે સીધા પ્રસંગસ્થળે જ પહોંચશું. તેમણે વધુમાં કહ્યું કે “લગ્નસરા અને ભોજન પ્રસંગોમાં પીરસાતું ખોરાક મહેમાનોના સ્વાસ્થ્ય માટે હાનિકારક ન બને તે અમારી જવાબદારી છે.’

### ‘ઓપરેશન શુદ્ધિ’ શું છે

ઓપરેશન શુદ્ધિ એ સુરત પોલીસનું વિશેષ અભિયાન છે જેનો હેતુ ખોરાકમાં ભેળસેળ સામે જનજાગૃતિ અને કડક કાર્યવાહી કરવાનું છે. છેલ્લા દિવસોમાં નકલી ઘી અને પનીર બનાવનારા રેકેટ પકડાયા બાદ પોલીસ હવે વધુ સતર્ક બની છે. આ અભિયાન હેઠળ શહેરના કેટરર્સ, મીઠાઈ ઉત્પાદકો અને રેસ્ટોરન્ટ્સની વિગતવાર યાદી તૈયાર થઈ રહી છે. આગામી દિવસોમાં લગ્ન પ્રસંગો, ભોજન સમારંભો અને મોટી ઇવેન્ટ્સમાં SOGની ટીમ અચાનક રેડ કરીને ખાદ્ય સેમ્પલ લેશે. જો ખોરાક ભેળસેળયુક્ત સાબિત થશે, તો આરોપીઓ સામે ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ ગુનો દાખલ થશે અને ફૂડ લાયસન્સ રદ કરવાની પ્રક્રિયા શરૂ થશે.

# ટેરર ફન્ડિંગ મામલે NIAની વલસાડના ઉમરગામમાં તપાસ

**નેશનલ** ઇન્વેસ્ટિગેશન એજન્સીએ ગઈકાલે દેશમાં એકસાથે 5 રાજ્યોમાં 10 સ્થળે દરોડા પાડ્યા હતા

**ગઈકાલે** વલસાડ sog એ એક બાંગ્લાદેશી નાગરિકને પકડી પડ્યો હતો

**ગેરકાયદે** સરહદી જિલ્લાના સરહદી વિસ્તારમાં બાંગ્લાદેશીઓ ટેરર ફંડિંગ માટે આવ્યા હોય તપાસ ચાલી રહ્યાની ચર્ચા



વલસાડ : NIA નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ ગતરોજ દેશભરમાં એક સાથે 5 રાજ્યોમાં 10 સ્થળોએ દરોડા પાડ્યા હતા. જે પૈકી તેમણે ઉમરગામમાં પણ દરોડા પાડ્યા હતા. જોકે અહીંથી તેમના દ્વારા કોઈની ધરપકડની માહિતી આવી નથી. આ તપાસ બાંગ્લાદેશી નાગરિકોને સંલગ્ન હોવાની પણ ચર્ચા ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ NIA એ વેસ્ટ બંગાળ, ત્રિપુરા, મેઘાલય, હરિયાણા અને ગુજરાતમાં 10 સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ પૈકી તેમણે ઉમરગામમાં ગાંધીવાડી વિસ્તારમાં પણ તપાસ હાથ ધરી હતી. તેમના દ્વારા આ તપાસ વર્ષ 2023ના અલકાયદા ટેરર ફન્ડિંગ કેસમાં કરી હોવાની માહિતી બહાર આવી છે. જોકે આ દરોડામાં તેમના દ્વારા કોઈની ધરપકડ થઇ નથી. તેમના દ્વારા 10 સ્થળો પૈકી કેટલાક સ્થળોએથી ઇલેક્ટ્રોનિક ડિવાઇસ કબજે કરાયા છે. જેની તપાસ થઈ રહી છે.

અત્રે ઉલ્લેખની છે કે ગતરોજ જ વલસાડ sog એ એક બાંગ્લાદેશી નાગરિકને પકડી પડ્યો હતો. ત્યારબાદ આ તપાસ પણ બાંગ્લાદેશી નાગરિકોના સંલગ્ન ...અનુસંધાન પાના 9 પર

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

::અશુભ::

સ્વ. રેખાબેન (તારાબેન) રમણભાઈ આહિર
સ્વ.તા. ૧૨/૧૧/૨૦૨૫
આથી દિલગીરી સાથે જણાવવાનું કે,મારી પત્ની સ્વ.રેખાબેન (તારાબેન) રમણભાઈ આહિરનુ તા.૧૨/૧૧/૨૦૨૫ ને બુધવાર ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.જેમનું બેસણું તા.૧૪/૧૧/૨૦૨૫ ને શુક્રવારે સવારે ૧૦:૦૦ કલાકે રાખેલ છે.તેમજ એમની ઉત્તરક્રિયા તા.૨૨/૧૧/૨૦૨૫ ને શનિવાર ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રાખવામાં આવેલ છે
-: શોકાતુર :-
શ્રી રમણભાઈ ભવનભાઈ આહિર(પતિ)
શ્રી જીજ્ઞેશભાઈ રમણભાઈ આહીર(પુત્ર)
નિવાસ સ્થાન:- મું.પો - ભટલાઈ (મોટું ફળિયું) સુરત.

શ્રદ્ધાંજલિ

સ્વ.ગોકુળભાઈ છીબાભાઈ પટેલ
(ગામ - હજીરા, હાલ - પીપલોદ, સુરત)
જન્મ તા.૦૪-૦૮-૧૯૩૫
સ્વ.તા.૦૯-૧૧-૨૦૨૫
કારતક વદ પાંચમ રવિવાર
પુરૂષાર્થ કરી શૂન્યમાથી સર્જન કરી, કષ્ટ સહન કરીને પરિવાર માટે ફૂલો પાથરી ગયા, સુખમાં છલકાયા નહીં, દુ:ખથી ડર્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ચૂક્યા નહીં, રડી પડે છે આંખો અમારી જોઇને તસ્વીર તમારી, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ. સ્વ.જમનાબેન ગોકુળભાઈ પટેલ
રમેશચંદ્ર ગોકુળભાઈ પટેલ (પુત્ર)
સંદીપ રમેશચંદ્ર પટેલ (પૌત્ર)
સ્વ.હિરેન રમેશચંદ્ર પટેલ (પૌત્ર)
સ્વ.હર્ષદ પરષોત્તમભાઈ પટેલ (જમાઈ)
ગુલાબભાઈ રામભાઈ પટેલ (જમાઈ)
બિમલ હર્ષદભાઈ પટેલ (દોહિત્ર)
મનન ગુલાબભાઈ પટેલ (દોહિત્ર)
ક્રિષીકા, વ્રિહા, તથ્યા
હંસાબેન રમેશચંદ્ર પટેલ (પુત્રવધુ)
જલ્પા સંદીપ પટેલ (પૌત્રવધુ)
ગ.સ્વ.સ્ટેલા હિરેન પટેલ (પૌત્રવધુ)
ગં.સ્વ.ભાનુબેન હર્ષદભાઈ પટેલ (પુત્રી)
દક્ષાબેન ગુલાબભાઈ પટેલ (પુત્રી)
દામિની બિમલ પટેલ (દોહિત્રવધુ)
ખ્યાતિ હર્ષદભાઈ પટેલ (દોહિત્રી)
જલ્પા ગુલાબભાઈ પટેલ (દોહિત્રી)
નિવાસ સ્થાન : ડી-૩/૪, જય જલારામ સોસાયટી, રાધા કૃષ્ણા મંદિર પાસે, પીપલોદ સુરત

બીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. કાન્તિભાઈ ડાહ્યાભાઈ પટેલ
જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૧ | સ્વ. તા.૧૩/૧૧/૨૦૨૩
મનુષ્યનું જીવન મળવું એ ભાગ્યની વાત છે. મૃત્યુ થવું એ સમયની વાત છે. પરંતુ મૃત્યુ પછી પણ મનુષ્યના હૃદયમાં જીવીત રહેવું, એ જીંદગીમાં કરેલા કર્મોની વાત છે. સેવાના કામમાં હંમેશા અગ્રેસર રહેનારા, સમાજને હંમેશા મદદરૂપ થનાર એવા, આપ અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવીત છો. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
સ્વ. હસમુખભાઈ ડાહયાભાઈ પટેલ (ભાઈ)
મોન્ટુ કાન્તિભાઈ પટેલ (પુત્ર)
કેવિન હસમુખભાઈ પટેલ (ભત્રીજો)
ઈશ્વરભાઈ રામુભાઈ પટેલ (ભાઈ)
પંકજભાઈ મોહનભાઈ પટેલ (ભાઈ)
રમેશભાઈ જમુભાઈ પટેલ (ભાઈ)
ઠાકોરભાઈ જમુભાઈ પટેલ (ભાઈ)
હર્ષદભાઈ મોહનભાઈ પટેલ (ભાઈ)
દિલીપભાઈ ધનસુખભાઈ પટેલ (ભાઈ)
અવ્યાન મોન્ટુ પટેલ (પૌત્ર)

દુ:ખદ અવસાન બેસણું

સ્વ. શારદાબેન લાલુભાઈ પટેલ
સ્વ.તા: ૧૦/૧૧/૨૦૨૫
દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી/દાદીશ્રી શારદાબેન લાલુભાઈ પટેલનું તા: ૧૦/૧૧/૨૦૨૫ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૩/૧૧/૨૦૨૫ ને ગુરૂવાર ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧:૦૦કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રીવાજ બંધ છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
સ્વ. લાલુભાઈ રવજીભાઈ પટેલ(માસ્તર)
અશોકભાઈ લાલુભાઈ પટેલ(પુત્ર)
આશાબેન અશોકભાઈ પટેલ(પુત્રવધુ)
તીશા અશોકભાઈ પટેલ(પૌત્રી)
કેવીનઅશોકભાઈ પટેલ(પૌત્ર)
સમતાબેન રતિલાલ પટેલ(પુત્રી-મગદલ્લા)
દિપીકાબેન ભરતભાઈ પટેલ(પુત્રી-મગદલ્લા)
મીનાક્ષીબેન જીતેશભાઈ પટેલ(પુત્રી-ભટાર)
તથા સમસ્ત પરિવાર
બેસણાનું સ્થળ : સરસાણા ગામ, સુરત.